**આંક–૨૬**

**મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ**

**રેફરન્સ (એલસીબી) નંબર–૧૦૦/૨૦૧૨**

**પ્રથમ પક્ષકારઃ** મેનેજરશ્રી/માલિકશ્રી,
વિવેકાનંદ ગ્રામીણ ટેકનોલોજી
કુ. ગુમાનદેવ, પો.કપલસાડી,
તા.ઝઘડીયા, જી.ભરૂચ.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકારઃ** શ્રી જાવંતીબેન ભાનુભાઈ વસાવા.
મું.પો.ઉચેડીયા,
તા.ઝઘડીયા, જી.ભરૂચ.

**હાજર રહ્યાઃ** પ્રથમ પક્ષકાર તરફે વિદ્ધાન વકીલ શ્રી યોગેશભાઈ પંચાલ.
બીજા પક્ષકાર તરફે વિદ્ધાન વકીલ શ્રી ડી.એસ.જોગ.

## –:– ચુકાદો –:–

(૧) હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૧૪/૦૬/૨૦૧૨ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

## –:– અનુસુચિ –:–

શ્રી જાવંતીબેન ભાનુભાઈ વસાવાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(૨) આ કામે રેફરન્સ દાખલ થતાં પક્ષકારોને નોટીસ કરતાં બીજા પક્ષકાર તરફે આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથણ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૯/૨૦૦૯ ના રોજથી રસોડા વિભાગમાં હેલ્પર તરીકે માસિક રૂ.૪,૬૦૦/– ના પગારથી તેમની નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા.

બીજા પક્ષકારની ફરજ દરમ્યાન કામગીરી બાબતે, વર્તણુંક બાબતે કોઇ મેમો, નોટીસ કે ચાર્જશીટ મળેલ નથી.તેઓનો પાછલો રેકોર્ડ ખુબ જ સ્વચ્છ હતો. પ્રથમ પક્ષકારને તેઓની કામગીરીથી સંતોષ હતો.

બીજા પક્ષકારને  મજુર કાયદા મુજબના પુરાવાઓ/લાભો આપતા ન હતા. તેમજ પગાર રજીસ્ટર ઉપર તેમજ વાઉચર ઉપર સહી કરાવી પગાર ચુકવતા હતા. તેઓને લઘુત્તમ વેતન મુજબ વેતન ચુકવતા ન હતા. જે બાબતે કાયદેસર પગાર ચુકવી આપવા સરકારી કચેરીઓમાં ફરીયાદ કરતાં પગાર વધારા માટે સોસોયટીમાં દરખાસ્ત કરી ચુકવવા સંમત થતાં પોલીસ સ્ટેશનમાં કરેલ ફરીયાદ પરત ખેંચેલ. ત્યાર બાદ સામાવાળાએ તેઓને કાયદેસરનો પગાર નહિં ચુકવી ગેરકાયદેસર રીતે તા.૧૭/૦૩/૨૦૧૨ ના રોજથી તેમના કોઇપણ જાતના કારણ વગર સાંભળવાની કે ખુલાસો કરવાની તક આપ્યા સિવાય ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. બીજા પક્ષકારે દર વર્ષે ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે આમ છતાં છુટા કરતા પહેલા તેઓને બચાવની તક આપેલ નહિં. નોટીસ આપેલ નહિં કે નોટીસ પગાર ચુકવેલ નહિં. છટણી વળતર ચુકવેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી કે બચાવની કોઇ તક આપેલ નથી. જે સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે.

બીજા પક્ષકારને  તા.૧૭/૦૩/૨૦૧૨ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ. જયાં સામાવાળા સાથે કોઇ સમાધાન શકય ન બનતા સદર કામ નામ.કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપરત કરેલ છે. જેને ચલાવવાની નામ.કોર્ટને સત્તા અને હકુમત છે.

બીજા પક્ષકારે સંસ્થામાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે જેનો પુરાવો સંસ્થાના કબજામાં છે.

બીજા પક્ષકાર બેકાર છે. નોકરી મેળવવા પ્રમાણિક પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી રોજગારી મળેલ નથી.પ્રથમ પક્ષકાર સંસ્થા તેમની જગ્યાએ અન્ય વ્યકિતને રોકી કામગીરી કરાવે છે. તેઓ આજે પણ સંસ્થામાં કામગીરી બજાવવા રાજી અને ખુશી છે.

સબબ બીજા પક્ષકારને તા.૧૭/૦૩/૨૦૧૨ ના રોજથી મૌખિક હુકમથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરે પુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય હરકોઇ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૫,૦૦૦/- ચુકવી આપવાનો હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૦ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતો તેઓને કબુલ મંજુર નથી. કારણ કે બીજા પક્ષકાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલો રેફરન્સ ગેરકાયદેસરનો ગેરબંધારણીય તથા ઔધોગીક તકરાર અધિનિયમ ૧૯૪૭ના પ્રબંધોથી વિપરીત રીતે કરવામાં આવેલો છે. તેથી મહે. મદદનીશ શ્રમ આયુકત ભરૂચ તરફથી તેમના ક્રમાંક : કેએચ/એસએસએમશ્રી/મશ્રઆ/ભ/આઈડીઆર/૫૩૬૩, તા.૧૧/૦૬/૨૦૧૨થી કરેલ હુકમ રદ બાતલ કરવા નમ્ર અરજ છે.

બીજા પક્ષકાર તા.૦૧/૦૪/૨૦૦૯થી માસીક પગાર રૂ.૪૬૦૦/-ના પગારથી નોકરી કરતા હોવાની હકીકત સંપૂર્ણપણે સત્યથી વેગળી અને ખોટી તથા ઉપજાવી કાઢેલ હોય તે તમામ અમો સામાવાળા સંસ્થાને કબુલ મંજુર નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ક્યારેય કાયમી કામદાર હતા જ નહિ.બીજા પક્ષકાર છુટક કામગીરી કરતા હતા અને છુટક કામગીરીની મજુરી જે તે દિવસે ચુકવવામાં આવતી હતી. તેઓ છુટક કામની કામગીરી પણ યોગ્ય રીતે બજાવતા ન હતા તેથી અવાર નવાર મૌખિક ઠપકા તેઓને આપવામાં આવેલ હતા. આમ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામાં ક્યારેય સળંગ નોકરી કરેલ નથી. પ્રથમ પક્ષકારની સંસ્થા ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨ (જે) મુજબ "ઉધોગ" નથી. તેથી રેફરન્સ કેસ રદ થવા પાત્ર છે. ક્રમશ: વિધાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતાં રસોડા વિભાગ બંધ કરવામાં આવેલ હતો.

ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો જોતાં બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા-૮ માં માંગેલ દાદ મેળવવા તેઓ હકકદાર નથી. અને નામ.અદાલત પણ તેઓને આવી કોઈ દાદ આપી શકે તેમ ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા જવાબમાં જણાવેલ છે.

(૪) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ-</u>**

**<u>મૌખિક પુરાવાઃ-</u>**

(૧) આંક-૨૧ બીજા પક્ષકાર શ્રી જાવંતીબેન ભાનુભાઈ વસાવાની એફીડેવીટ ઉપર સરતપાસ.

**<u>લેખિત પુરાવાઃ-</u>**

(૧) આંક-૬ માંગણાનું નિવેદન.

(૨) આંક-૨૦ દસ્તાવેજી પુરાવા લીસ્ટ.

(૩)  આંક–૨૩  કલોઝીંગ પુરશીસ.

**<u>પ્રથમ પક્ષકાર તરફેઃ–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

**<u>લેખિત પુરાવાઃ–</u>**

(૧)  આંક–૧૦  લેખિત જવાબ.
(૨)  આંક–૧૯  દસ્તાવેજી પુરાવા લીસ્ટ.
(૩)  આંક–૨૪  કલોઝીંગ પુરશીસ.
(૪)  આંક–૨૫  લેખિત દલીલો.

**(૫)** આ કામે બીજા પક્ષકાર તરફે તેમના પ્રતિનિધી શ્રી ડી.એસ.જોગ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, આ કામના બીજા પક્ષકાર તા.૦૧/૦૧/૨૦૦૮ ના રોજથી રસોડા વિભાગમાં હેલ્પર તરીકે નોકરી કરતા હતા. તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા કોઇપણ જાતની નોટીસ, મેમો કે ખાતાકીય તપાસ કર્યા વિના તા.૧૭/૦૩/૨૦૧૨ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. સદર કૃત્ય બીજા પક્ષકારને અન્યાયી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોય હાલનો રેફરન્સ કેસ બીજા પક્ષકાર દ્વારા આ કામે દાખલ કરવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે,આ કામના બીજા પક્ષકાર દ્વારા તેમનો કેસ સાબિત કરવા માટે આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ રાખવામાં આવેલ છે. અને તેના સમર્થનમાં આંક–૨૧ થી તેમની સરતપાસ રજુ રાખેલ છે. આ કામે બીજા પક્ષકાર દ્વારા પુરાવાથી તેઓ દ્વારા કરવામાં આવેલ કેસ સાબિત કરવામાં આવેલ હોય બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં માગેલ દાદ સાથે તેમનો કેસ મંજુર કરવા જોઇએ.

**(૫/૧)** આ કામે પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલ શ્રી યોગેશભાઈ પંચાલ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ ધી આઇ.ડી.એકટની કલમ–૨(જે) હેઠળ ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં થતો નથી. આ કામના બીજા પક્ષકારને કાયરેય પ્રથમ પક્ષકાર દ્વારા નિમણુંક પત્ર આપવામાં આવેલ નથી કે તેઓની કોઇ નિમણુંક કરવામાં આવેલ નથી.પ્રથમ પક્ષકાર કોઇ નફો કરતી ઉધોગ કે સંસ્થા નથી. પરંતુ શૈક્ષણિક સંસ્થા છે. અને તેનો મુખ્ય ઉદેશ અને હેતુ આદિવાસી વિસ્તારનાં વિધાર્થીઓને તકનીકી જ્ઞાન આપવાનો

અને તેમને આર્થિક રીતે પગભર કરવાનો છે.આ તમામ સંજોગોને ધ્યાને લેતાં આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા ઇન્ડસ્ટ્રીઝની વ્યાખ્યામાં આવતી નથી. અને આ કામના બીજા પક્ષકાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી. અને બીજા પક્ષકારને કયારેય પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીએ રાખેલ નથી કે તેઓને છુટા કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારનો રેફરન્સ કેસ આથી રદ કરવો જોઇએ.

**(૬)** ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા:-</u>**

૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણય:-</u>**

૧) નકારાત્મક.

૨) આખરી હુકમ મુજબ.

**(૮)** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો:-</u>**

**<u>મુદ્દા નંબર (૧-૨):-</u>**

આ કામે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદની હકીકતોને સમર્થન આપવા માટે આંક-૨૧થી તેમની જુબાનીનું સોગંદનામું અત્રેની કોર્ટમાં રજુ રાખેલ છે. આંક-૨૧ની જુબાનીની હકીકતો જોતા તે માંગણાના નિવેદનની હકીકતોને સંપુર્ણ સમર્થન આપે છે.

**(૮/૧)** આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્વાન વકીલ શ્રી યોગેશભાઈ પંચાલ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, “તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રસોડામાં કામ કરતા હતા.અને તેઓ જે વિદ્યાર્થી સંસ્થામાં રોકાતા તેઓની માટે તેઓ રસોઈ બનાવવાનું કામ કરતા હતા. વધુ માં બીજા પક્ષકારે જણાવેલ છે કે તેઓ તા. ૨૧/૦૪/૨૦૧૧ થી તા. ૧૯/૦૩/૨૦૧૩ સુધી રસોડામાં કામ કરવા માટે રોકાયેલા. વધુમાં તેઓ જણાવે છે કે તેઓ તેમની

સહીના જગ્યાએ અંગુઠો કરે છે.નિ. ૧૯/૨ માં તેઓના ઘરનું સરનામું દર્શાવેલ છે તે સાચું છે. જ્યારે નિ.૧૯/૩ માં અંગુઠાનું નિશાન પોતાનું ન હોવાનું તેઓએ જણાવેલ છે તેમજ આંક–૬ થી રજુ માંગણાના નિવેદનમાં અંગુઠાનું નિશાન કોનું છે તે તેઓને ખબર નથી અને તેમાં શું લખેલ છે તેની તેઓને ખબર નથી તેમ જણાવેલ છે. વધુમાં ઉલટ તપાસમાં જણાવેલ છે કે આંક–૨૧ના એફીડેવીટમાં કોનો અંગુઠો છે તેની તેઓને ખબર નથીતેમજ તેમાં શું લખેલ છે તેની તેઓને ખબર નથી તેમ જણાવેલ છે. વધુમાં ઉલટ તપાસમાં જણાવેલ છે કે તા.૧૭/૦૩/૨૦૧૨ મા રોજ તેઓને છુટા કરેલ છે તેનો પુરાવો તેઓની પાસે છે તે પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વધુમાં જણાવેલ છે કે સંસ્થામાં તેઓ ગયા તે પહેલા બીજા બહેનો રસોઈનું કામ કરતી હતી અને તેઓની સાથે જેટલી બહેનો રસોઈનું કામ કરતી હતી તે બધી જ બહેનોને છુટી કરેલ છે અને બધી બહેનોને છુટી કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રસોઈનું કામ બંધ થઈ ગ.ેલું. વધુમાં જણાવે છે કે હાલ તેઓ નિ.૧૯/૨ માં દર્શાવેલ સરનામે રહે છે. ”

(૮/૨) આ કામે બીજા પક્ષકાર દ્વારા અન્ય કોઇ સાક્ષી પુરાવા આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૮/૩) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કોઇ મૌખિક પુરાવો તપાસવામાં આવેલ નથી અને આંક–૨૪ થી તેઓ દ્વારા કલોઝીંગ પુરશીસ રજુ રાખવામાં આવેલ છે..

(૯) આ કામે રેકર્ડ વંચાણે લીધુ અને બંને પક્ષકારો દ્વારા રજુ રાખવામાં આવેલ દલીલ ધ્યાને લીધી આ કામે બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રીએ આ કામના બીજા પક્ષકારને રેફરન્સ કેસમાં માંગ્યા મુજબની દાદ માટે રેફરન્સ કેસ મંજુર કરવો જોઈએ તે મુજબની દલીલ કરેલ છે તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્વાન વકીલશ્રી આંક–૨૫થી રજુ લેખિત દલીલ મુજબની દલીલો રજુ રાખેલ છે.

(૯/૧) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાની મુખ્ય તકરાર એ છે કે તેઓની સંસ્થા મુખ્યત્વે ગુજરાત સરકારના ટ્રાયબસ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ હેઠળની "વન બંધુ કલ્યાણ યોજના" હેઠળ કાર્યરત સંસ્થા છે અને તેઓની સંસ્થા સરકારી ગ્રાન્ટ તથા વ્યક્તિગત કે ખાનગી સંસ્થાના ધન ઉપર ચાલતી સંસ્થા છે તેઓની સંસ્થા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨(જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં તેનો સમાવેશ થતો નથી. વધુમાં આ કામના બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં તા.૨૧/૦૪/૨૦૧૧ થી તા.૧૯/૦૩/૨૦૧૨ સુધી સંસ્થાના વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભોજન તૈયાર કરવાની કામગીરીમાં સંસ્થાના રસોડામાં તેઓ ફરજ બજાવતા હતા અને

વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતા રસોડાની સંખ્યામાં બંધ કરવામાં આવેલ હતો અને હાલમાં રસોડા વિભાગ બંધ છે. તેમજ આ કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલ ન હોય હાલનો રેફરન્સ રદ કરવો જોઈએ.

(૯/૨) આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લેવામાં આવેલ. આ કામે બીજા પક્ષકાર ધ્વારા આંક–૧૪ થી પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે દસ્તાવેજી પુરાવા માંગણી કરતી અરજી રજુ રાખવામાં આવેલ જે અન્વયે થયેલ હુકમના અનુસંધાને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક–૧૮ થી એફીડેવીટ રજુ રાખવામાં આવેલ છે તેમાં તેઓ ધ્વારા તા.૦૧/૦૩/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૨ ના હાજરી પત્રકો જે રજુ કરવાનો હુકમ કરવામાં આવે તે દસ્તાવેજ જુનો હોવાથી તપાસ કરવા છતાં તેઓની મળી આવેલ નથી તે મુજબનું એફીડેવીટ રજુ રાખેલ છે. તેમજ આ કામના પેરથમ પક્ષકાર સંસ્થાએ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગને મોકલાવેલ નમુના ૨૪ મુજબનું ફોર્મ તા.૩૦/૦૩/૨૦૧૩ નું તેની નકલ આ કામે ૧૯/૧ થી રજુ રાખેલ છે જેમાં તેઓ ધ્વારા સંચાલિત કેન્દ્રમાં તા.૨૫/૦૩/૨૦૧૩ થી વિદ્યાર્થીઓનું ક્ષેત્ર પુર્ણ થાય છે ત્યારબાદના નવા ક્ષેત્રથી તેઓ ધ્વારા રેસીડન્સીયલ વિદ્યાર્થી લેવાનું બંધ કરવામાં આવે છે કારણકે દાનની રકમ મળવની ઓછી થયેલ છે તથા સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટ મળવાની નિશ્ચિત નથી તેથી રેસીડેન્સીયલ ક્ષેત્ર ચાલુ રાખી શકાય તેમ નથી આ કારણ રજુ રાખવામાં આવેલ છે અને તેઓ ધ્વારા જે રસોઇયા અને હેલ્પર જે રસોડા વિભાગમાં કાર્યરત હતા તેઓની છટણી કરવામાં આવેલ છે તેમ સદર પત્રમાં જણાવેલ છે. આ કામે નિ.૧૯/૨ થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા ૦૧/૦૪/૨૦૧૩ મનીઓર્ડર જે રકમ રૂ.૪,૫૮૫/– નું છે તેની નકલ રજુ રાખેલ છે તેમજ નિ.૧૯/૩ થી બીજા પક્ષકારની સહિ/અંગુઠાવાળી પહોંચ મનીઓર્ડરની પાવતી આ કામે રજુ રાખેલ છે.

(૯/૩) આ કામે બીજદા પક્ષકારે તેમની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રસોડા વિભાગમાં તા.૨૧/૦૪/૨૦૧૧ થી કામ કરવા રોકાયેલા અને તેઓએ તા.૧૯/૦૩/૨૦૧૨ સુધી પ્રથમ ફ૭કાર સંસ્થામાં કામ કરેલું. આમ ગણતરી કરતા સદર સમયગાળો ૨૩૧ દિવસનો થવા પામેલ છે તે જોતા કાયદાકીય જોગવાઈ મુજબ આ કામના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસ તેઓને છુટા કર્યાના અગાઉના વર્ષમાં કામ કરેલ નથી તે આથી સાબિત થાય છે. વધુમાં આ કામે બીજા પક્ષકારે નિ.૧૯/૩ જે પોસ્ટલ મનીઓર્ડરની પાવતી છે તેમાં કરેલ અંગુઠો પોતાનો ન હોવાનું જણાવેલ છે તેમજ આંક–૨૧ થી રજુ જુબાનીના સોગંદનામામાં પણ કોનો અંગુઠો છે તેની તેઓને ખબર નથી તેમ જણાવેલ છે. વધુમાં બીજા પક્ષકારે તેઓને

તા.૧૭/૦૩/૨૦૧૨ ના રોજ છુટા કરે તે સંદર્ભેનો પુરાવો તેઓ પાસે છે પણ આ કામે રજુ રાખેલ નથી. આમ આ કામના બીજા પક્ષકારની જુબાનીથી બીજા પક્ષકાર દ્વારા રજુ માંગણીની હકીકતોને સમર્થન મળતું નથી તે સાબિત થાય છે. આ કામના બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે તેઓની સાથે કામ કરતી અન્ય બહેનોને છુટા કરેલ છે અને બધી જ બહેનો છુટી થયા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રસોઈનું કામ બંધ થઈ ગયેલ છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા નિ.૧૯/૧ થી શ્રમ અને રોજગાર વિભાગ ગાંધીનગરને નમુના ૨૪ અન્વયે તા.૩૦/૦૩/૨૦૧૩ થી લખેલ પત્રની હકીકતોને બીજા પક્ષકારની જુબાનીથી સમર્થન મળેલ છે.

**(૧૦)** આ તમામ સંજોગોને ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામ કરેલ હોવાનું તેઓ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી અને તે હકીકત બીજા પક્ષકાર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા ઔધોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ભંગ કરી બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં આ કામના બીજા પક્ષકાર નિષ્ફળ નીવડેલ હોય આથી બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર તથઆ આનુંસાંગીક લાભો મેળવવા લેશમાત્ર પણ હકદાર બનતા નથી. આમ ઠરાવી ન્યાયના હિતમાં મુદ્દા નંબર : ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. અને મુદ્દા નંબર : ૨ નો રૂટીન મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:- આખરી હુકમ -:-

**(૧)** બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર-૧૦૦/૨૦૧૨ આથી નામંજુર કરવામાં આવે છે.

**(૨)** રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Place : Bharuch
Date : 15/05/2018

Mansi T. Shah
Stenographer